# જમ્મુ-કાશ્મીરમાં પુર : ૧૩થી વધુના મોત

## મોટી સંખ્યામાં મકાનો ધરાશાયી : ૨૦થી વધારે લોકો લાપતા : તમામ મદદ કરવાની કેન્દ્રની ખાતરી

જમ્મુ,તા. ૩૦

જમ્મુ-કાશ્મીરના મોટાભાગના વિસ્તારોમાં અતિભારે વરસાદના પરિણામ સ્વરૂપે શ્રીનગર અને દક્ષિણ કાશ્મીરના સંગમ વિસ્તારમાં ઝેલમ નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. જેના પરિણામ સ્વરૂપે એલર્ટ જારી કરી દેવામાં આવ્યું છે. બીજીબાજુ જમ્મુ કાશ્મીરમાં વિકટ સ્થિતિ સર્જાઈ છે. પુરના કારણે વ્યાપક નુકશાન થઈ રહ્યું છે. બડગામ જિલ્લામાં ભેખડો ધસી પડવાના કારણે ૧૬ લોકો દટાઈ ગયા છે. જેમાં ત્રણ મહિલાઓના મોત થઈ ગયા છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી ચુકી છે. બીજીબાજુ મુખ્યમંત્રી મુફ્તી મોહમ્મદ સઈદે ૨૩૫ કરોડની રાહત જાહેર કરી છે. રાહત પગલા માટે ૨૩૫ કરોડની જંગી રકમ જારી કરવામાં આવતા આંશિક રાહત મળી શકે છે. કેન્દ્ર સરકારે કાશ્મીરમાં એનડીઆરએફની વધુ આઠ ટુકડીઓ મોકલી છે. પરિસ્થિતિ ખૂબ જ ગંભીર બની છે. જે ૨૩૫ કરોડ રૂપિયા જારી કરાયા છે તે પૈકી કાશ્મીર માટે ૨૨૫ કરોડ અને જમ્મુ માટે ૧૦ કરોડ રૂપિયા જારી કરાયા છે. ગૃહમંત્રી રાજનાથસિંહે મુખ્યમંત્રીને ખાતરી આપી છે કે તમામ પુરતી મદદ કરવામાં આવશે. ભારતીય સેનાએ ૨૦ ટુકડીઓ તૈનાત કરી દીધી છે. પાણીનો નિકાલ લાવવા માટે પણ નવી ટેકનોલોજીનો ઉપયોગ કરાઈ રહ્યો છે. મુફ્તી મોહમ્મદ સાથે રાજનાથસિંહે વાત કરીને બનતી તમામ મદદ કરવાની ખાતરી આપી છે. ૧૩ લોકોના મોત થઈ ચુક્યા છે અને તમામના મૃતદેહ મળી આવ્યા છે. ૨૧ લોકો હજુ પણ લાપતા બનેલા છે. વિનાશકારી પુરના સાત મહિના બાદ ભારે વરસાદથી કાશ્મીરમાં ફરી મોટી આફત આવી ગઈ છે. બડગામ જિલ્લામાં બે મકાન ધરાશાયી થતાં ૧૬ લોકો ફસાયા છે. જમ્મુ-કાશ્મીરના નાયબ મુખ્યમંત્રી નિર્મળસિંહ પણ કહી ચુક્યા છે કે, પરિસ્થિતિ પર નજર રખાઈ રહી છે.





રાહત સામગ્રી હેલિકોપ્ટરથી પહોંચાડવામાં આવી રહી છે.જમ્મુ કાશ્મીરમાં ભારે વરસાદના કારણે લોકોની હાલત ફરી એકવાર કફોડી બની ગઇ છે. શ્રીનનગરમાં વહીવટીતંત્ર દ્વારા ફરી એકવાર પુરને લઇને એલર્ટની જાહેરાત કરી દેવામાં આવી છે. શ્રીનનગરના રામ મુન્શી બાગ વિસ્તારમાં ઝેલમ નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તર પર પહોચી ગઇ છે. નદીના કાઠાના વિસ્તારોમાં રહેતા લોકોને એલર્ટ રહેવા કહેવામાં આવ્યું છે. સાથે સાથે તેમને વહેલી તકે તેમના આવાસ ખાલી કરી દેવા માટે કહેવામાં આવ્યા બાદ મોટી સંખ્યામાં લોકો તેમના આવાસ ખાલી કરી ચુક્યા છે.

આજે સવારે એનડીઆરએફના ૨૦૦થી વધુ જવાનો પહોંચી ગયા હતા. ભારે વરસાદના કારણે ખીણના અનેક વિસ્તારોમાં પાણી ભરાઇ ગયા છે. સેંકડો મકાનો નાશ પણ પામ્યા છે. ઝેલમ નદી ભરી એકવાર વિનાશ સર્જવા માટે તૈયાર દેખાઇ રહી છે. ભારે વરસાદના કારણે ચરારે શરીફ વિસ્તારમાં ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. મુખ્યપ્રધાન મુફ્તિ મોહમ્મદ પોતે ખીણમાં સતત વરસાદના કારણે ઉભી થયેલી સ્થિતીની સમીક્ષા માટે શ્રીનગર પહોંચી ગયા છે. ત્રણ પ્રધાનો પણ સક્રિય થયેલા છે. લોકોને બનતી તમામ મદદ કરવા માટે કહેવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ખીણમાં ભારે વરસાદના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઇ ગયુ છે. ભારે વરસાદ બાદ ભેખડો ધસી પડવાના અનેક બનાવ બન્યા છે જેમાં અનેક ઈમારતોને નુકસાન થયુંછે. મોટી સંખ્યામાં લોકો ઘરવગરના થઈ ગયા છે. સેન્ટ્રલ કાસ્મીરમાં બડગામ જિલ્લાના ચોંતિનાર ગામમાં ભારે વરસાદ બાદ ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. ખીણમાં ગયા વર્ષે વિનાશકારી પુરની સ્થિતીમાંથી તમામ લોકો સંપૂર્ણપણે હજુ સુધી બહાર આવ્યા નથી. ભારે વરસાદના કારણે સ્થાનિક લોકોમાં દહેશત છે.મકાનોને નુકસાન થયા બાદ તમામ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. શ્રીનગર-જમ્મુ નેશનલ હાઈવે બંધ કરવાની ફરજ પડી છે.જુદા જુદી જગ્યાએ ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. રોડને વ્યવસ્થિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ભારે વરસાદના કારણે સ્થિતી વધારે બગડી ગઇ છે. હાઈવે તમામ બીજા દિવસે પણ બંધ રહ્યા છે. હાઈવે બંધ રાખવાના કારણે મોટી સંખ્યામાં વાહનોની લાંબી લાઈન લાગી ગઈ છે.

## મોદીએ કાશ્મીરમાં મદદરૂપ થવા પ્રધાનોની ટીમને મોકલી

શ્રીનગર,તા. ૩૦

જમ્મુ-કાશ્મીરમાં ફરી એકવાર પુર જેવી સ્થિતી સર્જાઇ ગયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તરત જ સ્થિતીની સમીક્ષા કરવા એક ઉચ્ચસ્તરીય ટીમ આજે રવાના કરી દીધી હતી. આ ટીમમાં લઘુમતિ બાબતોના પ્રધાન મુખ્તાર અબ્બાસ નકવી અને અન્ય અધિકારીઓનો સમાવેશ થાય છે. આ ટીમ દ્વારા પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી રહી છે. નકવી પુરની સ્થિતિની સમીક્ષા કર્યા બાદ મોદીને અહેવાલ સુપ્રત કરનાર છે. બીજીબાજુ ભટીંડાથી ભારતીય હવાઈ દળના હેલિકોપ્ટરો રાહત સામગ્રી લઈને રવાના થઈ ચુક્યા છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ છે. રાજનાથસિંહે પુરની સ્થિતિને પહોંચી વળવા કેન્દ્ર તરફથી તમામ મદદ કરવાની ખાતરી આપી છે. દરમિયાન નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સના ડિરેક્ટર જનરલ ઓપી સિંહે કહ્યુ છે કે ચાર ટીમોને સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે. એનડીઆરએફની ટીમ કોઇ પણ સ્થિતીને પહોંચી વળવા માટે તૈયાર છે. રાજ્યના પ્રધાન અબ્દુલ પદરે કહ્યુ છે કે ઝેલમ નદીમાં પાણીની સપાટી ઘણા સ્થળો પર ખતરનાક સ્થળે પહોંચી ગઇ છે. જો કે છેલ્લા થોડાક કલાકોમાં વરસાદ ન પડતા સ્થિતીમાં સુધાર થઇ શકે છે. ઝેલમ નદીમાં પાણીની સપાટી શ્રીનગર અને અન્ય કેટલાક વિસ્તારોમાં ભયજનક સ્તરને પાર કરી ગઇ છે.

હાલમાં રાજયમાં ભારે વરસાદ થયો હતો. જમ્મ કાશ્મીર સરકારે કાશ્મીર ખીણના કેટલાક ભાગોમાં પુરની જાહેરાત કરી દીધી છે. ઝેલમમાં પાણીની સપાટી છેલ્લા ૧૨ કલાકમાં સતત વદી છે. કાશ્મીર યુનિવર્સિટીએ સોમવાર અને મંગળવારના દિવસે યોજનારી તમામ પરીક્ષાને રદ કરી દીધી છે. હાઇ એલર્ટની જાહેરાત કરીને સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે.

## મદન મોહન માલવીયને ભારત રત્ન અપાયો

નવી દિલ્હી,તા. ૩૦

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ આજે સ્વતંત્રતા સેનાની મદન





મોહન માલવીયને મરણોપરાંત ભારતરત્નથી સન્માનિત કર્યા છે. જાણીતા શિક્ષણ શાસ્ત્રીના પરિવારના સભ્યો રાષ્ટ્રપતિ ભવનમાં આજે આ એવોર્ડ સ્વિકારવા માટે ઉપસ્થિત રહ્યા હતા. ઐતિહાસિક દરબાર હોલમાં આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉપરાષ્ટ્રપતિ હમીદ અંસારી, ગૃહંમત્રી રાજનાથસિંહ, નાણાં મંત્રી અરુણ જેટલી, કેબિનેટ પ્રધાનો અને અન્ય વરિષ્ઠ સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. અન્ય હસ્તીઓમાં ભાજપના પીઢ નેતા લાલકૃષ્ણ આડવાણી, પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલ પણ ઉપસ્થિત રહ્યા હતા. મુખર્જી દ્વારા અન્ય એવોર્ડ પણ અપાયા હતા. પદ્મવિભૂષણથી અડવાણી અને બાદલને સન્માનિત કરાયા હતા. જ્યારે પદ્મભૂષણથી સન્મામિત કરવામાં આવેલાઓમાં હરીષ સાલ્વે, પત્રકાર સ્વપ્રદાસ ગુપ્તા, રજત શર્માનો સમાવેશ થાય છે. જ્યારે પદ્મશ્રી એવોર્ડ મેળવનારાઓમાં ફિલ્મ નિર્માતા સંજયલીલા ભણસાલી, લેખક અને ગીતકાર પ્રસુન જોશી, તબીબ રણદીપ ગુલેરીયા, લોકપ્રિય કાર્ટૂન કેરેક્ટર ચાચા ચૌધરીના ક્રિએટર પ્રાણકુમાર શર્મા (મરણોપરાંત), બેડમિન્ટન ખેલાડી પીવી સંધુ, હોકીસ્ટાર સરદારાસિંહનો સમાવેશ થાય છે. સરકારે પંડિત મદન મોહન માલવીય અને અટલ બિહારી વાજપેયીનો ૨૪મી ડિસેમ્બરના દિવસે ભારત રત્ન આપવાના નિર્ણયની જાહેરાત કરી હતી.

મદન મોહન માલવીયનો જન્મ ૨૫મી ડિસેમ્બર ૧૮૬૧ના દિવસે થયો હતો. તેઓએ અનેક સિદ્ધીઓ હાંસલ કરી હતી. વારાણસી હિંદુ યુનિવર્સિટીની સ્થાપના પણ તેમણે કરી હતી. સ્વતંત્રતા ચળવળમાં તેમની ભૂમિકાને આજે પણ યાદ કરવામાં આવે છે.અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૭મી માર્ચના દિવસે વાજપેયીને તેમના આવાસ પર જઈને ભારત રત્ન અપાયો હતો.

## બુધવારથી પ્લેટફોર્મ ટીકીટ કિંમત વધી ૧૦ રૂપિયા થશે

નવી દિલ્હી, તા. ૩૦

બુધવારથી પ્લેટફોર્મ ટીકીટની કિંમત બે ગણી થઇ જશે. એટલે કે હાલમાં પ્લેટફોર્મ ટીકીટ જે પાંચ રૂપિયામાં મળે છે તે ૧૦ રૂપિયામાં ઉપલબ્ધ બનશે. બીજીબાજુ કઠોળ અને યુરિયા સહિત જુદી-જુદી કોમોડિટીના રેલવે નુર દરમાં પણ ૧૦ ટકા સુધીનો વધારો થઇ જશે. આ ઉપરાંત પ્રવાસની તારીખથી ૧૨૦ દિવસ પહેલા ટ્રેનની ટીકીટ બુક થઇ શકશે. હાલમાં ૬૦ દિવસ પહેલા ટ્રેનની ટીકીટ બુક કરવામાં આવે છે. અનાજ, કઠોળ અને યુરિયા માટે નુરના દર ૧૦ ટકા સુધી વધશે. જ્યારે કોલસા માટેના રેટ ૬.૩ ટકા સુધી વધશે. રેલવે બજેટ ૨૦૧૫-૧૬ની દરખાસ્તોમાં આ મુજબની વાત કરવામાં આવી હતી. આ દરખાસ્તો હવે પહેલી એપ્રિલના દિવસે અમલી બનનાર છે. સિમેન્ટ માટેના રેટ ૨.૭ ટકા જ્યારે સ્ક્રેપના દર ૩.૧ ટકા સુધી વધશે. બજેટની દરખાસ્ત મુજબ નુર વધારો ૦.૮ ટકા આર્યન ઓર અને સ્ટીલ પર લાગુ થશે. બીટુમન અને કોલસા માટેનો રેટમાં વધારો ૩.૫ ટકાનો રહેશે. આ વધારાના કારણે નુરની કમાણી આગામી નાણાકીય વર્ષમાં ૧૨૧૪૨૩ કરોડ સુધી પહોંચે તેવી શક્યતા છે. જ્યારે નુર કમાણી ૨૦૧૪-૧૫માં ૧૦૬૯૨૭ કરોડ રહી હતી. રેલવે જંગી ટાર્ગેટ ધરાવે છે. રેલવે વર્ષ ૨૦૧૫-૧૬ના નાણાકીય વર્ષમાં ૧૧૮૬ મિલિયન ટન ચીજવસ્તુનું ટાર્ગેટ ધરાવે છે.

## સલમાનને રાહત : ડ્રાઈવરે આરોપ પોતાના ઉપર લીધા

નવી દિલ્હી, તા. ૩૦

વર્ષ ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસમાં આરોપી તરીકે રહેલા બોલીવુડ સ્ટાર સલમાન ખાનને આજે મોટી રાહત મળી ગઈ હતી. કારણકે, સલમાન ખાનના ડ્રાઈવર અશોકસિંહે કોર્ટમાં નિવેદન આપીને કહ્યું હતું કે, બનાવના દિવસે તે કાર ડ્રાઈવ કરી રહ્યો હતો. સલમાનના ડ્રાઈવર આરોપો પોતાના પર લઈ લીધા હોવાની ચર્ચા હવે શરૂ થઈ છે. કોર્ટમાં પોતાની જુબાની આપતા સલમાનના ડ્રાઈવર



અશોકસિંહે કહ્યું હતું કે, બનાવના દિવસે કાર તેઓ ચલાવી રહ્યા હતા. સલમાન ખાન કાર ચલાવી રહ્યો નહતો. એ વખતે જ ટાયર ફાટી જતાં કાર પરથી તેઓએ કાબુ ગુમાવી દીધો હતો. થોડાક દિવસ પહેલાં જ ૪૯ વર્ષીય અભિનેતાએ કહ્યું હતું કે, તેની સામે ખોટું નિવેદન કરાયું છે. શરાબના નશામાં હોવાના અહેવાલને પણ સલમાને રદીયો આપ્યો હતો. આ ઉપરાંત તે ડ્રાઈવીંગ કરી રહ્યો હોવાના અહેવાલને પણ રદીયો આપ્યો હતો. સલમાને એમપણ કહ્યું હતું કે, તેનો ડ્રાઈવર પોલીસ સ્ટેશનમાં પણ ગયો હતો. પરંતુ પોલીસે અશોકનું નિવેદન નોંધ્યું નહતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૨ના દિવસે વહેલી પરોઢે સલમાનની ટોયોટા લેન્ડક્રુઝર કાર અમેરિકન એક્સપ્રેસ બેકરીમાં ઘુસી ગઈ હતી. જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું. બેકરીની બહાર સુઈ રહેલા એક વ્યક્તિનું કચડાઈ જવાથી મોત થયું હતું. જ્યારે અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. આ બનાવના કારણે બાંદ્રા પોલીસ દ્વારા સવારમાં મોડેથી સલમાનની ધરપકડ પણ કરાઈ હતી. ત્યારબાદથી આ કેસ હજુ સુધી ચાલી રહ્યો છે. અશોકના આજના નિવેદનથી સલમાનને રાહત મળી શકે છે.

## ભાજપ વિશ્વની સૌથી મોટી પોલિટિકલ પાર્ટી બની ગઈ

### છેલ્લા પાંચ મહિનાથી ચાલી રહેલા સભ્ય અભિયાનના ભાગરૂપે હવે ૮.૮ કરોડ સભ્યોને પાર્ટી સાથે જોડી દેવાયા

નવી દિલ્હી,તા. ૩૦

ભારતીય જનતા પાર્ટી અથવા તો ભાજપે હવે એક નવી સિદ્ધી મેળવી લીધી છે. ભાજપ હવે વિશ્વની સૌથી મોટી પોલિટિકલ પાર્ટી બની ગઈ છે. છેલ્લા પાંચ મહિનામાં ચલાવવામાં આવેલા સભ્ય અભિયાનના કારણે હવે ભાજપે ૮.૮ કરોડ સભ્યોને તેની સાથે જોડી દીધા છે. આ આંકડાને હાંસલ કરવાની સાથે જ ભાજપે સૌથી મોટી પાર્ટી હોવાનો દાવો કરનાર ચીનની ધ કોમ્યુનિસ્ટ પાર્ટીને પછડાટ આપી દીધી છે. મળેલી માહિતી મુજબ કોમ્યુનિસ્ટ પાર્ટીના ૮.૬ કરોડ સભ્યો છે. સુત્રોએ કહ્યુ છે કે ભાજપે રવિવારના દિવસે આ આંકડો મેળવી લીધો હતો. હવે અભિયાનની શરૂઆતમાં જે રીતે ટાર્ગેટ નક્કી કરવામાં આવ્યા હતા તે રીતે ૧૦ કરોડ સુધી આંકડાને પહોંચી દેવાની યોજના છે. ત્રીજી અને ચોથીએ બેંગલોરમાં યોજનાર રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં પાર્ટી પ્રમુખ અમિત શાહ આ આંકડા ્ગેની જાહેરાત કરશે. એકંદરે પાર્ટી સભ્ય અભિયાનની પૂર્ણાહુતિ ૩૧મી માર્ચના દિવસે થનાર હતી પરંતુ મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં અભિયાનની અવધીને વધારી શકાય છે. ચર્ચા છે કે અહીંથી મોટી સંખ્યામાં કોલ આવી રહ્યા છે. યુપીમાં ૧.૫ કરોડના આંકડાને હાંસલ કરવામાં સપળતા મળી છે. આશા છે કે મહારાષ્ટ્રમાં પણ સારો પ્રતિસાદ મળશે. ગુજરાત અને મધ્યપ્રદેશમાં પાર્ટીને ૮૦ લાખ કરતા વધારે સભ્યો મળી ચુક્યા છે. પાર્ટીના જાણકાર લોકો માની રહ્યા છે કે આ અભિયાનને જે રીતે તૈયાર કરવામાં સફળતા મળી છે તેને જોતા તેની સફળતા નિશ્ચિત હતી. હવે મિસ કોલ જ્યાંથી મળ્યા છે તેમનો સંપર્ક કરવામાં આવનાર છે.

આની સાથે જ જે લોકો નવા સભ્યો બન્યા છે તેને પાર્ટીની યોજના અંગે માહિતી આપવામાં આવનાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતાના કારણે પણ મોટી સંખ્યામાં લોકો ભાજપ સાથે જોડાઇ રહ્યા છે. આ સંખ્યા હજુ વધે તેવી પુરી સંભાવના છે. ગયા વર્ષે મોદી લહેર વચ્ચે ભાજપે લોકસભા ચૂંટણીમાં શાનદાર જીત મેળવી હતી.

## વર્ષ ૨૦૨૦ સુધીમાં તમામ ટ્રેનોમાં બાયોટોઈલેટ રહેશે

નવી દિલ્હી,તા. ૩૦

નરેન્દ્ર મોદી સરકાર ભારતીય રેલવેની સ્થિતીને સુધારવા અને તેને વધારે લોકલક્ષી બનાવવાની દિશામાં સતત પ્રયાસ કરી રહી છે. જેના ભાગરૂપે જુદા જુદા ટાર્ગેટ નક્કી કરવામાં આવી રહ્યા છે. હવે તમામ યાત્રી કોચમાં જુના શૌચાલયોને વર્ષ ૨૦૨૦-૨૧ સુધી દુર કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે. આ યોજના હેઠળ રેલવેએ પર્યાવરણને અનુકુળ જૈવ શૌચાલય અથવા તો બાયોટોઈલેટ ટ્રેનોમાં ગોઠવી દેવાનો નિર્ણય કર્યો છે. રેલવે મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે હજુ સુધી ટ્રેનોમાં રહેલા ૧૭૩૩૮ શૌચાલયોને બદલી દેવામાં આવ્યા છે. હાલમાં ટ્રેનોમાં શૌચાલયના કારણે રેલવે ટ્રેકને ભારે નુકસાન થાય છે સાથે સાથે ગંદકી ફેલાય છે. હવે બાયો ટોઇલેટ બનાવવામા આવશે જેના કારણે ટ્રેક પર કોઇ નુકસાન થશે નહી. બાયો ટોઇલેટને શૌચાલયની નીચે ગોઠવવામાં આવે છે. જેમાં ખાસ પ્રકારના બેક્ટિરિયા રહેલા હોય છે. જે ટ્રેકને નુકસાનથી બચાવે છે.

## મોદીની અરવિંદ કેજરીવાલ સાથે અનૌપચારિક વાતચીત

નવી દિલ્હી, તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને રાષ્ટ્રપતિ ભવનમાં મળ્યા હતા અને તેમના આરોગ્યના સંદર્ભમાં માહિતી મેળવી હતી. બન્ને નેતાઓએ રાષ્ટ્રપતિ ભવનના રિફ્રેશમેન્ટ એરિયામાં



અનૌપચારિક વાતચીત કરી હતી. ભારત રત્ન સાથે સંબંધિત કાર્યક્રમની પૂર્ણાહુતિ થયા બાદ બન્ને નેતાઓ વચ્ચે વાતચીત થઈ હતી. વડાપ્રધાનના પ્રશ્નના જવાબમાં કેજરીવાલે કહ્યું હતું કે, હવે તેમની તબિયત સુધારા ઉપર છે. અત્રે નોંધનીય છે કે, મોદીએ જ કેજરીવાલને બેંગ્લોર સ્થિત ડોક્ટર નાગેન્દ્રનો સંપર્ક કરવા માટે કહ્યું હતું. ત્યારબાદ કેજરીવાલ બેગ્લોરમાં સારવાર લેવા માટે પહોંચ્યા હતા. આ ગાળા દરમિયાન એએપીમાં ભારે અંધાધુંધી ફેલાઈ હતી. કેજરીવાલે એમપણ કહ્યું હતું કે, હવે પાર્ટીમાં સ્થિતિ સારી છે. કેજરીવાલે મીડિયા સાથે વાતચીત કરી હતી. એએપીના નેતાઓ યોગેન્દ્ર યાદવ અને પ્રશાંત ભૂષણની હાલમાં જ એએપીની રાષ્ટ્રીય કારોબારીમાંથી હકાલપટ્ટી કરી દેવામાં આવી હતી. એએપીમાં ખેંચતાણનો દોર હજુ પણ યથાવત રીતે જારી છે.

## ભાજપ બ્રાહ્મણ, રાજપૂત, ભૂમિહાર પર આધારિત છે

નવી દિલ્હી,તા. ૩૦


નિતિશકુમાર અને લાલુ પ્રસાદ યાદવની સાથે ઓબીસી અને મુસ્લિમ વોટ ખૂબ મજબુતી સાથે દેખાઈ રહ્યા છે. આવી સ્થિતિમાં ભાજપના વ્યુહરચનાકારો માને છે કે માત્ર સવર્ણ વોટની મદદથી લાલુ યાદવ અને નિતિશકુમારને હાર આપી શકાય તેમ નથી. ભાજપને એમપણ લાગે છે કે, બિહારમાં સરકાર બનાવવા માટે તેને સવર્ણ વોટ કરતાં અન્ય રાજકીયપક્ષોની મદદ પણ લેવી પડશે. ભાજપ લાંબા સમય બાદ બિહારમાં જેડીયુથી અલગ થઈને ચુંટણી લડનાર છે. આવી સ્થિતિમાં ભાજપને અન્ય રાજકીય પક્ષોની મદદની સાથે-સાથે દલિત અને મહાદલિત લોકોને પ્રભાવિત કરવાના પ્રયાસો કરવા પડશે. નિતિશકુમારના કારણે ભાજપને ભૂતકાળમાં કુર્મી અને અન્ય ઓબીસી સમુદાયના મતો પણ મળતા રહ્યા છે. કેટલીક બેઠકો ઉપર મુસ્લિમોનો પણ ટેકો મળ્યો હતો. એનડીએથી નિતિશકુમાર અલગ થયા બાદ ભાજપ હવે બ્રાહ્મણ, રાજપુત, ભૂમિહાર અને વૈશ્ય જાતિના લોકોના મત પર જ આધારીત છે.

## સંઘ અંગે ટિપ્પણી બદલ રાહુલ ગાંધીની સામે સમન્સ

મુંબઈ,તા. ૩૦

મહારાષ્ટ્રમાં ભીવંડી કોર્ટે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ સામે વાંધાજનક સુચનો કરવા બદલ કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી સામે આજે સમન્સ જારી કર્યું છે. આઠમી મેના દિવસે તેની સમક્ષ ઉપસ્થિત થવા ભીવંડી કોર્ટ દ્વારા રાહુલ સામે સમન્સ જારી કરવામાં આવ્યું છે. રાજ્યમાં એક ચુંટણી રેલી દરમિયાન રાહુલ ગાંધીએ મહાત્મા ગાંધીની હત્યા માટે સંઘ ઉપર આક્ષેપો કર્યા હતા. આઠમી મેના દિવસે તેમની સમક્ષ ઉપસ્થિત થવા રાહુલ ગાંધીને કહેવામાં આવ્યું છે.

અગાઉ મુંબઈ હાઈકોર્ટે સંઘ દ્વારા તેમની સામે દાખલ કરવામાં આવેલા બદનક્ષીના કેસને રદ કરવા



માટેની રાહુલ ગાંધીની અરજીને ફગાવી દીધી હતી. કોર્ટે ઠેરવ્યું હતું કે, અમેઠીના સાંસદ રાહુલ ગાંધી મહાત્મા ગાંધીની હત્યા માટે તેના પર દોષારોપણ કરીને આરએસએસની પ્રતિષ્ઠાને નુકશાન પહોંચાડવાનો ઈરાદો ધરાવે છે તેવા પુરાવા મળે છે. આરએસએસના લોકોએ ગાંધીજીની હત્યા કરી હતી. આજે તેમના લોકો તેમની વાત કરી રહ્યા છે. તેઓએ સરદાર પટેલ અને ગાંધીજીનો વિરોધ કર્યો હતો તેમ છઠ્ઠી માર્ચ ૨૦૧૪ના દિવસે થાણે જિલ્લામાં એક રેલીને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું હતું. ભીવંડીમાં આરએસએસ એકમના સેક્રેટરી રાજેશ કુંતે દ્વારા ફોજદારી ફરીયાદ દાખલ કરાઈ હતી. કોર્ટ સમક્ષ તેમની ફરીયાદમાં કુંતેએ કહ્યું હતું કે, રાહુલ ગાંધીએ ખૂબ જ વાંધાજનક સુચનો કર્યા હતા. કોંગ્રેસના નેતા સામે પગલા લેવાની માંગણી કરાઈ હતી. ભાજપે અગાઉ કોંગ્રેસના ઉપપ્રમુખ સામે ચુંટણીપંચ સમક્ષ ફરીયાદ નોંધાવી હતી. સંઘ સામે આકરી પ્રતિક્રિયાના કારણે રાહુલ ગાંધીની ભાજપ અને સંઘના લોકોએ જોરદાર ઝાટકણી કાઢી હતી. મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. રાહુલ ગાંધીએ કેસ રદ કરવાની માંગણી કરી હતી પરંતુ રાહુલની અરજીને ફગાવી દેવાઈ હતી. હવે રાહુલને ૮મી મેના દિવસે કોર્ટ સમક્ષ હાજર થવું પડશે.

## વિરોધ કરનાર લોકોને કેજરીવાલ દૂર કરે છે

નવી દિલ્હી,તા. ૩૦

એએપીમાં ખેંચતાણનો દોર યથાવત રીતે જારી રહ્યો છે. એએપીની રાષ્ટ્રીય કારોબારીમાંથી હકાલપટ્ટી કરવામાં આવ્યાના બે દિવસ બાદ બળવાખોર નેતા પ્રશાંત ભૂષણે આજે ફરી એકવાર દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, તેમના નિર્ણયને પડકાર ફેંકનાર લોકોને હાંકી કાઢવામાં આવે છે. ભૂષણે કહ્યું હતું કે, તેમના નિર્ણય સામે અવાજ ઉઠાવનાર લોકોને ચલાવી લેવામાં આવતા નથી. તેમની સાથે સહમત થનાર લોકોને જ રાખવામાં આવે છે. પાર્ટી દ્વારા જારી કરવામાં આવેલા એક નવા વીડિયોમાં એએપીના વડા કેજરીવાલ યોગેન્દ્ર યાદવ અને ભૂષણ સામે આક્ષેપો કરતા નજરે પડી રહ્યા છે. તાજેતરના ઘટનાક્રમ અંગે પ્રતિક્રિયા આપતા ભૂષણે કહ્યું છે કે, આ વીડિયોમાં એડીટ કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી અને કેટલાક ધારાસભ્યો જે ધાંધલ ધમાલ કરી રહ્યા હતા તેને દૂર કરી દેવાયા છે.